# ગાંધીનગરના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટમા, મુ.ગાંધીનગર

**ક્રિમિનલ પરચૂરણ અરજી નંબર –૫૮૫/૨૦૨૬**
આંક:–

**અરજદાર** :– ૧)સચિન સુરેશ હરસના

**વિરૂધ્ધ**

**સામાવાળા** :– સરકાર શ્રી

**વિષય** :– ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૦ મુજબ જામીન અરજી

**અરજદાર તરફે** :– **વિ.વકીલ શ્રી એ.કે.લાલવાણી**
**સરકાર તરફે** :– **વિ. એ.પી.પી શ્રી સી.પી ત્રિવેદી**

## :: ચુકાદો ::

(૧) હાલની અરજી આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૦ અન્વયે સી.આઈ.ડી.ક્રાઈમ ગાંધીનગર ઝોન, પોલીસ સ્ટેશન, ગુ.રજી.નંબર ૧૧૨૦૧૦૧ ૮૨૬૦૦૧૫/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ–૩૧૮(૪), ૩૧૯(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨) આઈ.ટી.એકટ–૬૬(સી), ૬૬(ડી) મુજબના નોધાયેલ ગુનાના કામે જામીન મુકત કરવા અરજી આપેલ છે. જેમાં ત.ક.અમલદારે બી.એન.એસ.ની કલમ–૩૩૬(૩), ૩૩૮,૩૪૦(૨) ની કલમ ઉમેરાની અરજી આપેલ છે.

(૨) અરજદાર આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી એ રજુઆત કરેલ છે કે, સદર કામના અરજદાર/આરોપી ૧૮ વર્ષની ઉંમરના છે તેમજ ફરિયાદ દાખલ કરવામાં ૩૪ દિવસનો વિલંબ છે તેમજ અરજદાર પોલીસ રીમાન્ડમાં રહી ચૂકેલ હોય તપાસના કામે તેમની જરૂર નથી તેમજ તપાસના કામે જરૂરી દસ્તાવેજો પોલીસ ધ્વારા કબજે કરવામાં આવેલ છે તેમજ અરજદાર/આરોપી રાજસ્થાનના સ્થાઈ રહેવાસી છે અને તપાસ અધિકારીને સાથ સહકાર આપવા તૈયાર છે તેમ જણાવી જામીન અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

૩) ફરિયાદી તરફે વિ.એ.પી.પી.શ્રીએ જણાવેલ છે કે, આરોપી ધ્વારા ગંભીર ગુનો કરેલ છે અને સદર ગુનાની સજાની જોગવાઈ જોતા તથા હાલ તપાસ ચાલુ હોય જેથી હાલના તબકકે ગુનાની ગંભીરતા જોતા આરોપીને જામીન આપવા સામે સખત વાંધો છે તેવો શેરો આંક–૧ ની અરજી તળે કરેલ છે.

૪). આમ, બન્ને પક્ષકારોની રજુઆતો, ફરીયાદની હકીકત અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૦ ની જોગવાઈ ધ્યાને લેતાં અદાલતની વિવેકબુધ્ધિની સત્તાને આધીન છે. પરંતુ આવી વિવેકબુધ્ધિની સત્તા કાયદાના પ્રસ્થાપીત સિધ્ધાંત અને મર્યાદામાં રહીને વાપરવાની હોય છે જામીન અરજીના નિર્ણય બાબતે નામદાર સર્વોચ્ચ અદાલત અને નામદાર વડી અદાલત ધ્વારા વિવિધ માર્ગદર્શક ચુકાદામા પ્રસ્થાપીત કરેલ સિંધ્ધાતો લક્ષમા રાખી તેમજ આરોપીને જામીન ઉપર મુકત કરવાથી સમાજનું હિત જોખમાય તેમ છે કે કેમ? તે તમામ બાબતોને ધ્યાને લઈ આરોપીના પર્સનલ લીર્બટીના અધિકાર અને સમાજનું હિત બંને વચ્ચે સમતુલા જળવાઈ રહે તે રીતે જામીન અરજીનો નિર્ણય કરવાનો રહે છે. આમ, ઉપરોકત તમામ હકીકત ધ્યાને લઈ હાલના ગુનાના કામે આરોપીને હાલના તબકકે કસ્ટડીમા રાખવા માટે કોઈ અપવાદ રૂપ કારણો છે કે કેમ? આરોપીને જામીન મુકત કરી શકાય તેમ છે કે કેમ? તે બાબતે નિર્ણય કરવા આરોપી સામેના આક્ષેપો તથા પોલીસ પેપર્સ જોતા આરોપી સામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૦ અન્વયે બી.એન.એસ.ની કલમ–૩૧૮(૪), ૩૧૯(૨), ૩૩૬(૩), ૩૩૮, ૩૪૦(૨) આઈ.ટી.એકટ–૬૬(સી), ૬૬(ડી) મુજબના ગુનાનો આક્ષેપ છે. જેમાં કલમ–૩૩૮ જેવા ગુનામાં આજીવન કેદ તથા ૧૦ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે તેમજ આરોપીના ગુનાની ગંભીરતા તેમજ એ.પી.પી.શ્રી ના જણાવ્યા પ્રમાણે આરોપી ધ્વારા ગંભીર ગુનો કરેલ છે અને સદર ગુનાની સજાની જોગવાઈ જોતા તથા હાલ તપાસ ચાલુ હોય જેથી હાલના તબકકે ગુનાની ગંભીરતા જોતા આરોપીને જામીન આપવા સામે સખત વાંધો છે તેવો શેરો આંક–૧ ની અરજી તળે કરેલ છે. તેમજ બી.એન.એસ.ની કલમ–૩૩૮ જેવા ગુનામાં આજીવન કેદ તથા ૧૦ વર્ષ સુધીની સજાની જોગવાઈ હોય તેમજ પ્રથમદર્શનીય આક્ષેપ હોઈ હાલ તપાસ પ્રાથમિક તબ્બકા છે તે સંજોગોમા આરોપીને જામીન મુકત કરવા માટે વિવેકબુધ્ધિની સત્તા વાપરવા વ્યાજબી કારણ જણાતુ નથી જેથી ન્યાયના હીતમા

નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

આરોપીની હાલની જામીન અરજી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૪/૦૨/૨૦૨૬
સ્થળ : ગાંધીનગર

**(દક્ષેશ રાજેશકુમાર જગુવાલા)**
ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર
**JUDGE CODE GJ 00973**